સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

*Updated on 13/07/2021*

**પ્રશ્ન: યુપીએસસી કે આઈ.એ.એસ.ની પરીક્ષા એટલે શું?**

IAS, IPS, IFS, IRS એવી કુલ ૨૪ કેન્દ્રીય ગ્રુપ-"એ", ગ્રુપ "બી" સર્વિસીસમાં ભરતી માટે દર વર્ષે યુનિયન પબ્લિક સર્વિસ કમીશન (UPSC ) દ્વારા Civil Services Examination (CSE) યોજાય છે. (પાના નં. ૬)

**પ્રશ્ન: યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા-2021 આપવા માટે શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા કેટલી?**

| Category | Age Limit on 1st August 2021 | Attempts | Education |
|---|---|---|---|
| General | 21-32 | 6 | -ઉમેદવારે ગ્રેજ્યુએશન પૂરું કર્યું હોય **અથવા**<br>-ઉમેદવાર ગ્રેજ્યુએશનના **અંતિમ વર્ષ/સેમીસ્ટરમાં** હોય પણ જુલાઈ ૨૦૨૧ પહેલા આપને માર્કશીટ/ડીગ્રી મળી જવાની હોય. |
| OBC | 21-35 | 9 | |
| SC/ST | 21-37 | Till upper age | |

**પ્રશ્ન: યુપીએસસી પરીક્ષાનો સિલેબસ અને માળખું સમજાવો. (પાના નં. ૪)**

ત્રણ તબક્કામાં પરીક્ષા લેવાશે: (નીચે દર્શાવેલ તારીખો યુપીએસસી દ્વારા જાહેર કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧ના કેલેન્ડર અનુસાર છે.)

| મહીનો | તબક્કો | ગુણ |
|---|---|---|
| **04th to 24th March'21** | યુપીએસસી પરીક્ષાની જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ (ઓનલાઈન અરજીઓ મંગાવવાની તારીખ) | |
| **10th Oct'21** | ૧.પ્રિલીમ: જનરલ સ્ટડીઝ અને એપ્ટિટયૂડ એમ બે પેપરો હોય MCQ પ્રશ્નો- એટલે કે A,B,C,D એમ ટીક કરવાનું હોય,ખોટા જવાબ પર નેગેટીવ માર્કસ. **સિલેબસ માટે આ બ્રોશરના પાછલા પાને આપેલ એનેક્ષર-૧ જુવો** | ૪૦૦ |
| **07th Jan.'22** | ૨.મેઈન્સ: નિબંધ/વર્ણનાત્મક જવાબો લખવાના હોય. **સિલેબસ માટે આ બ્રોશરના પાછળના પાને એનેક્ષર-૧ જુવો** | ૧૭૫૦ |
| **March/Apr'22** | ૩.ઈન્ટરવ્યું: ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં આપી શકાય. | ૨૭૫ |

**પ્રશ્ન: સ્પીપા શું છે અને તે મને યુપીએસસીની તૈયારીમાં ક્યાં અને કેવી રીતે મદદ કરી શકે?**

- Sardar Patel Institute of Public Administration (SPIPA) મૂળ તો ગુજરાત રાજ્યની Apex Training Institute (ATI) છે જ્યાં ક્લાસ-૧, ક્લાસ-૨ અધિકારીઓની ફાઉન્ડેશન તાલીમ આપવામાં આવે છે.
- સાલ ૧૯૯૨માં અત્રે યુપીએસસી સ્ટડી સેન્ટરની સ્થાપના કરવામાં આવી જ્યાં પ્રિલીમ, મેઈન્સ અને ઈન્ટરવ્યું માટે જે તે વિષય નિષ્ણાતો દ્વારા સઘન તાલીમ આપવામાં આવે. અત્યાર સુધી સંસ્થાના કુલ 225 વિધાર્થીઓ યુપીએસસી પરીક્ષામાં સફળ થયા છે. છેલ્લે લેવાયેલ યુપીએસસી પરીક્ષામાં કુલ 15 વિદ્યાર્થીઓ સફળ થયા છે.

**પ્રશ્ન: સ્પીપાની પ્રવેશ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા શું છે?**

- વર્ષ 2021ની પ્રવેશ પરીક્ષા માટે લાયકાત નીચે મુજબ રહેશે.
- **શૈક્ષણિક લાયકાત:** ગ્રેજ્યુએશન / પોસ્ટ ગ્રેજ્યુએશન
- વયમર્યાદા પૂરી ન થાય ત્યાં સુધી **ગમે તેટલી વાર attempts** આપી શકાય.

| Category | Age Limit on 1st August 2022 | કેવળ નીચેના ઉમેદવારો જ સ્પીપામાં અરજી કરી શકશે: |
|---|---|---|
| **General** | 21-32 | - માતૃભાષા ગુજરાતી હોય **અથવા**<br>- સેકન્ડરી કે હાયર-સેકન્ડરી પરીક્ષા ગુજરાતમાંથી આપેલ હોય **અથવા**<br>- ગ્રેજ્યુએશન ગુજરાતમાં પૂર્ણ કર્યું હોય **અથવા**<br>- ગુજરાતના સામાન્ય રીતે રહેવાસી હોય. (સળંગ પાંચ વર્ષ કે તેથી વધુનો વસવાટ) |
| **SEBC** | 21-35 | |
| **SC/ST** | 21-37 | |

**પ્રશ્ન: સ્પીપાની પ્રવેશપરીક્ષા ક્યારે યોજાય છે? તેનું માળખું શું છે?**

- સ્પીપાની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજીઓ ચાલુ વર્ષે અંદાજિત માહે **માર્ચ'૨૦૨૧** માં પ્રસિધ્ધ કરવામાં આવેલ.
- ચાલુ વર્ષની પ્રવેશ પરીક્ષા માટે **ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **ઓનલાઈન અરજી કરવાની અને ફી ભરવાની મુદત લંબાવીને તા.૧૦/૦૭/૨૧ થી તા.૨૫/૦૭/૨૧ સુધી કરવામાં આવેલ છે.**
- ચાલુ વર્ષે ઓગસ્ટ'21માં સ્ટેજ-૧ ની પરીક્ષા યોજાશે જેનું માળખું યુપીએસસીની સ્ટેજ-૧ની પ્રીલીમીનરી પરીક્ષા મુજબનું જ છે અર્થાત,

| પરીક્ષાની તારીખ (અંદાજિત) | સ્ટેજ | પેપર | સમય (કલાકમાં) | ગુણ |
|---|---|---|---|---|
| 12th Aug 2021 | ૧ | પેપર-૧: જનરલ સ્ટડીઝ (૧૦૦ પ્રશ્નો) **(MCQ-OMR Based)** | ૨.૦૦ | ૨૦૦ |
| | | પેપર-૨: Aptitude **##** (૫૦ પ્રશ્નો) **(MCQ-OMR Based)** | ૧.૩૦ | ૧૦૦ |
| 06th Sept 2021 | ૨ | નિબંધ (**ગુજરાતી કે અંગ્રેજીમાં** લખી શકાય) (1-નિબંધ) | ૧.૩૦ | ૧૦૦ |
| | | | કુલ ગુણ | ૪૦૦ |

**##રિમાર્ક્સ:**સ્પીપા દ્વારા વર્ષ ૨૦૧૬ થી નક્કી કરેલ પરીક્ષાના નવા માળખા મુજબ પેપર-૨ Aptitude ના માર્ક્સ પણ મેરિટમાં ગણાશે. એટલે કે, પેપર-૧ અને પેપર-૨ ના સંયુક્ત માર્ક્સને આધારે મેરીટમાં આવેલ ઉમેદવારોને નિબંધ કસોટી માટે બોલાવવામાં આવશે.

સ્ટેજ-૧ અને ૨ના **કુલ ૪૦૦ માર્ક્સ**ને આધારે આખરી પરિણામ જાહેર થયા બાદ કેટેગરીવાઈઝ મેરીટમાં ઉમેદવારે મેળવેલ ગુણને આધારે ગુજ.સરકારની અનામત નીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

- તાલીમાર્થીઓને ફાળવવામાં આવેલ સ્પીપા અને તેના તાલીમકેન્દ્રો ખાતે હાલમાં હોસ્ટેલમાં રહેવાની તથા જમવાની સવલત મળવાપાત્ર નથી, તદ્નવયે વિદ્યાર્થીઓએ સ્વખર્ચે તેની વ્યવસ્થા કરવાની રહેશે.
- અંદાજિત **ઓક્ટોબર** માસથી તાલીમવર્ગ શરૂ થશે.

**પ્રશ્ન: સ્પીપામાં ભણવા કેટલી ફી આપવી પડે?**

કોઈ ફી લેવામાં આવતી નથી, માત્ર રૂ. ૩૨૦૦/- રીફંડેબલ ડીપોઝીટ ભરવી પડે. (તાલીમ ડીપોઝીટ રૂ. ૧,૦૦૦/- + લાઈબ્રેરી ડીપોઝીટ રૂ. ૨,૨૦૦/-)

* (**નોંધ:** અમદાવાદ ખાતેના તાલીમકેન્દ્રો ખાતે રૂ. ૬૨૦૦/- ડિપોઝીટ ભરવાની રહેશે.)

**પ્રશ્ન: સ્પીપામાં અભ્યાસ દરમ્યાન કોઈ સ્કોલરશીપ અપાય છે કે કેમ અને તાલીમનો સમયગાળો શું છે?**

હા, તમામ કેટેગરીના યુવક યુવતીઓને અહી સ્કોલરશીપ આપવામાં આવે છે.

| વિદ્યાર્થી | તાલીમ સમયગાળો (અંદાજિત) | સ્કોલરશીપની કુલ રકમ |
|---|---|---|
| સ્પીપા પ્રવેશ પરીક્ષામાં પસંદગી પામેલ ઉમેદવારોની પ્રિલિમ અને મુખ્ય પરીક્ષા માટેની તાલીમ | ઓક્ટોબર થી મે (અંદાજિત) (Full Time Daily Classes) | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/ધારાધોરણો મુજબ સ્કોલરશીપ/સ્ટાઈપેન્ડ મળવાપાત્ર થશે. |
| યુપીએસસી પ્રિલીમ પાસ કર્યેથી મેઈન્સ માટેની તાલીમ | જુલાઈ થી સપ્ટેમ્બર (અંદાજિત) | |
| યુપીએસસી મેઈન્સ પાસ કર્યેથી ઈન્ટરવ્યુ માટેની તાલીમ | ડિસેમ્બર થી માર્ચ | |
| યુપીએસસીના ફાઈનલ મેરીટમાં સિલેક્ટ થયે | | |

આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ યોગ્ય રીતે યુપીએસસીની તૈયારી કરી શકે અને વધુને વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તિર્ણ થાય તે હેતુથી સ્પીપામાં પ્રવેશ મેળવેલ વિધાર્થી સ્પીપા બહાર **કોઈપણ જાતની નોકરી કે અન્ય અભ્યાસ કરી શકશે નહી.**

**પ્રશ્ન: સ્પીપામાં એડમીશન મળ્યે મને કઈ કઈ સુવિધાઓ મળે?**

સ્પીપામાં મળતી સુવિધાઓ (૧) વ્યાખ્યાન દ્વારા સઘન તાલીમ (૨) રીડીંગરૂમ (૩) લાયબ્રેરી સવલત અને (૪) સ્ટાઈપેન્ડ

**પ્રશ્ન: સ્પીપા/યુપીએસસીની પરીક્ષા માટે મારે તૈયારી કેવી રીતે શરુ કરવી?**

યુપીએસસીની તૈયારી કરો એટલે આપમેળે સ્પીપાની તૈયારી થઇ જાય. નીચેના પુસ્તક, મટીરીયલ્સથી શરૂઆત કરવી. આ ચોપડીઓ તમને અમદાવાદના રીલીફ રોડ પર ગાંધીબ્રીજ નીચે આવેલ પુસ્તકોની દુકાનો પર મળી રહેશે અને વિવિધ બુકસ્ટોર/ઓનલાઈન શોપિંગ સાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે.

| **Topic** | **Material/Books/References** |
|---|---|
| **NCERT** | યુપીએસસીના ઘણા MCQ પ્રશ્નો CBSE બોર્ડના NCERT પાઠ્યપુસ્તકોમાંથી સીધા પૂછાતા હોઈ, ધો.૭ થી ૧૨ના Social Science, History, and Geographyના પુસ્તકો જોઈ લેવા. ઓનલાઈન મફત ડાઉનલોડ પણ કરી શકાય. |
| **UPSC Old Question Papers** | *'Last 25 years UPSC IAS/IPS Prelims' book* by Disha Publication.<br>(Available in English & Hindi) |
| **Paper – 1 (General Studies)** | |
| **Geography (Videos)** | યુપીએસસી પરીક્ષાના સ્પીપાના સફળ ઉમેદવાર કુ. રાજતનીલ સોલંકીના લેક્ચર અને પાવરપોઈન્ટ<br>**(https://goo.gl/c34anQ)** |
| **Environment** | National Institute of Open Studies **(NIOS)**નું PDF Material |
| **Economy (Videos)** | સ્પીપા ફેકલ્ટી શ્રી મૃણાલ પટેલના લેક્ચર અને પાવરપોઈન્ટ **(youtube.com/user/TheMrunalPatel)** આ જ ચેનલ પરથી તમને યુપીએસસી શું છે, એની પદ્ધતિસર તૈયારી કેમ કરવી તેનો ૨:૩૦ કલાકનો વીડિઓ પણ મળી જશે. |
| **Polity *(Book)*** | ***'Indian Polity by M.Laxmikanth'* (by Macgrawhill)**. અંગ્રેજી-હિન્દી બેઉ માં ઉપલબ્ધ.<br>ઉપરાંત નવા બીલ,એક્ટ, બંધારણીય સુધારા વગેરેની નોટ્સ માટે prsindia.org પર જવું. |
| **History *(Book)*** | પ્રાચીન અને મધ્યકાલીન ભારત: ***'Lucent GK'*** પુસ્તક, NCERT ધો. ૭ થી ૧૨.<br>આઝાદીની ચળવળ: ***'Brief History of Modern India'* : by Raijv Ahir Spectrum publication** |
| **Culture (Videos+PDF)** | યુપીએસસી પરીક્ષાના સ્પીપાના સફળ ઉમેદવાર કુ. ઈશાની પંડ્યાના લેક્ચર અને પાવરપોઈન્ટ **(https://goo.gl/c34anQ)**<br>National Institute of Open Studies **(NIOS)**નું PDF Material (Mrunal.org/download પર ઉપલબ્ધ) |
| **Current Affairs** | **Newspaper**: At least 1 English newspaper- **Indian Express** *or* **The Hindu.** (Any one)<br>**Magazine**: Frontline, Yojana |
| **Science** | NCERT class 7-10: Science Textbook (all chapers) and English Newspaper |
| **GS Manual** | Tata McGraw-Hill's, Spectrum, Unique, Pearson, Arihant , Chronicle પબ્લીકેશન દ્વારા પ્રકાશિત GS/CSAT Manual **પૈકી કોઈપણ એક મેન્યુઅલ** જોઈ લેવું. (જુનું પણ વાપરી શકાય) |
| **Paper – 2 (Aptitude)** | |
| **Aptitude (Books+ Online Sources)** | 1. ગણિત: ***'Fast track to Objective Arithmetic'*** (Rajesh Verma, Arihant Publication) ***(Any one Book)***<br>2. રીઝનીંગ: ***'Analytical Reasoning'*** (MK Pandey, BSC Publication) ***(Any one Book)***<br>3. **Comprehension**: Practice passages from online resources & mock papers |

## Web resource:

upsc.gov.in **(syllabus & Past papers),** spipa.gujarat.gov.in **(notification & past papers)**, mrunal.org **(Current Affairs & GS)**, ncert.nic.in (Textbooks),thehindu.com, prsindia.org **(Polity)**, idsa.in (Diplomacy), epw.in (social issues), indiabix.com **(Aptitude)**

***Updated on 13/07/2021***

## એનેક્ષર-૧ : યુપીએસસી પરીક્ષાનું માળખું અને સિલેબસ

સ્ટેજ :૧-પ્રીલીમીનરી પરીક્ષા

| **Paper-I (General Studies)** | **Paper-II (Aptitude)** |
|---|---|
| 200 marks, 2 hrs. | 200 marks, 2 hrs. |
| અહી મેળવેલ માર્ક્સ મુજબ ઉમેદવારને પ્રિલીમમાંથી મેઈન્સમાં સિલેક્ટ કરવામાં આવે. | (કેવળ **33% ક્વાલીફાયિંગ માર્ક્સ** મેળવવા પડે, જે મેરીટમાં નહી ગણાય) |
| (1) **Current events** of national and international importance.<br>(2) **History** of India and Indian national movement.<br>(3) Indian and World **Geography** – physical, social, economic geography of India and the world.<br>(4) Indian **Polity** and governance – constitution, political system,Panchayati Raj, public policy, Rights Issues, etc.<br>(5) **Economic** and social development – sustainable development, poverty, inclusion, demographics, social sector initiative, etc.<br>(6) General issues on **environmental** ecology, bio-diversity and climate Change – that do not require subject specialization.<br>**(7) General Science.** | **(1) Comprehension**<br>(2) Interpersonal skill including communication skills<br>(3) Logical **reasoning** and analytical ability<br>(4) **Decision making** and problem solving<br>(5) General mental ability<br>(6) English Language comprehension skills (Class X level).<br>(7) Basic **numeracy** (numbers and their relations, orders of magnitude etc (Class X level),<br>(8) Data interpretation (charts, graphs, tables, data sufficiency etc. – Class X level) |

સ્ટેજ-૨ : મેઈન્સ (મુખ્ય પરીક્ષા)

For Detailed Syllabus visit https://www.upsc.gov.in/sites/default/files/Notice-CSP-2021-Engl-04032021N.pdf

| **Paper** | **ભાષાના આ નીચેના બે પેપર મેરીટમાં ગણાય નહી પણ ૨૫% લાવવા પડે** | **Marks** |
|---|---|---|
| **A** | One of the Indian Language (આપણા કેસમાં ગુજરાતી)- તેમાં નિબંધ, સંક્ષેપીકરણ, વ્યાકરણ વગેરેના પ્રશ્નો આવે. | 300 |
| **B** | English: Precis, Comprehension, Grammer | 300 |
| | **નીચેના પેપરના માર્ક્સ મેરીટમાં ગણાશે** | |
| **1** | **Essay** | 250 |
| **2** | **General Studies–I**<br>(Indian Heritage and Culture, History and Geography of the World and Society) | 250 |
| **3** | **General Studies –II**<br>(Governance, Constitution, Polity, Social Justice and International relations) | 250 |
| **4** | **General Studies –III**(Technology, Economic Development, Bio-diversity, Environment, Security and Disaster Management) | 250 |
| **5** | **General Studies –IV** (Ethics, Integrity and Aptitude) | 250 |
| **6** | **Optional Subject (1)– Paper 1** | 250 |
| **7** | **Optional Subject (1)– Paper 2** | 250 |
| | **Total** | **1750** |

**Optional Subject (Any One)** (1) Agriculture (2) Animal Husbandry and Veterinary Science (3) Anthropology (4) Botany (5) Chemistry (6) Civil Engineering (7) Commerce and Accountancy

(8) Economics (9) Electrical Engineering (10) Geography (11) Geology (12) History (13) Law (14) Management (15) Mathematics (16) Mechanical Engineering (17) Medical Science (18) Philosophy (19) Physics (20) Political Science and International Relations (21)Psychology (22) Public Administration (23) Sociology (24) Statistics (25) Zoology (26) Literature of any one of the Indian Regional Language and English.

**સ્ટેજ-૩: ઈન્ટરવ્યું(સાક્ષાત્કાર)**

જેમાં, ઉમેદવારને તેના બાયોડેટા મુજબ તેના ગ્રેજ્યુએશન, જીલ્લા, રાજ્ય, હોબી, કરન્ટ-અફેર્સ વગેરેના પ્રશ્નો પૂછવામાં આવે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં જવાબો આપી શકે. અંતે મેઈન્સ (૧૭૫૦)+ઈન્ટરવ્યું(૨૭૫)=૨૦૨૫ ગુણમાંથી ફાઈનલ લીસ્ટ બને જે મુજબ ઉમેદવારના કેટેગરીવાઈઝ મેરીટ-કમ-પ્રેફરન્સ મુજબ તેની IAS,IPS,IFS વગેરે સર્વિસીસમાં ફાળવણી કરવામાં આવે

## Frequently Asked Questions (FAQ)

**સ. સ્પીપાની પ્રવેશ પરીક્ષા માટે વય મર્યાદા ક્યારે લેવાય છે? ફી કેટલી છે? પ્રવેશ પરીક્ષા માટે માટે ક્યાં પુસ્તકો વાંચવા જોઈએ? કલાસીસ ક્યારથી ચાલુ થાય છે?**

જ. બ્રોશર ના પાન ન. ૧ થી ૩ પુન: વાંચી લેવા વિનંતી.

**સ. શું હું આ વર્ષે (૨૦૨૧)માં યુપીએસસીની પરીક્ષા આપી શકું?**

જ. જો તમે માર્ચ'૨૧માં ઓનલાઈન અરજી કરેલ હશે તો ચાલુ વર્ષે ઓક્ટોબર માસમાં યુપીએસસીની પ્રિલિમનરી પરીક્ષા આપી શકશો. ઓનલાઈન અરજી http://www.upsc.gov.in પર કરી શકાશે.

**સ. શું હું કોલેજના અંતિમવર્ષમાં યુપીએસસી પ્રવેશ પરીક્ષા આપી શકું?**

જ. યુપીએસસી પ્રિલીમ જૂન મહિનામાં, અને મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં હોય. નિયમોનુસાર, ઉમેદવારે પ્રિલીમ પાસ કર્યા પછી મુખ્ય પરીક્ષા માટે નવું ફોર્મ ભરવાનું હોય છે એ સમયે ગ્રેજ્યુશન માર્કશીટની નકલ આપવી પડે. બીજા શબ્દોમાં, સપ્ટેમ્બર'૨૧માં આવનાર મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરતાં પહેલાં તમોને ગ્રેજ્યુએશનની માર્કશીટ મળી જવાની હોય તો પ્રિલીમ પરીક્ષા (જૂન'૨૦૨૧) માં આપી શકાય.

**સ. શું હું સ્પીપામાં એડમીશન લીધા વગર, આપની લાઈબ્રેરી / રીડીંગ રૂમની સવલત લઈ શકું?**

જ. ના, તે શક્ય નથી.

**સ. શું હું કોલેજના અંતિમવર્ષમાં સ્પીપા પ્રવેશ પરીક્ષા આપી શકું?**

જ.ના, સ્પીપાની પ્રવેશ પરિક્ષા માટે ઓનલાઈન અરજી વખતે તમારા ગ્રેજ્યુએશનની ટકાવારીની વિગતો ભરવાની હોય છે તેથી ગ્રેજ્યુએશન પૂર્ણ થયેથી તમે અરજી કરશો.

**સ. જો હું સ્પીપા પ્રવેશ પરીક્ષા ન આપુ પણ એ વરસની યુપીએસસી પ્રિલીમ પાસ કરી દઉં તો સ્પીપા માં પ્રવેશ મળે?**

જ. હા, સ્પીપાની આપેલ વર્ષની મુખ્ય પરીક્ષા બેચ માં પ્રવેશ મળી શકે. તેના માટે તમારે અલગથી સ્પીપાની પ્રવેશ પરીક્ષા આપવાની જરૂર રહેતી નથી.

**સ. જો મેં અગાઉના વર્ષે યુપીએસસીની પ્રિલીમ/મુખ્ય પરીક્ષા પાસ કરી હોય તો એના આધારે આ વખતની સ્પીપા બેચમાં એડમીશન કે વાંચવા માટે કેવળ હોસ્ટલ લઈ શકું?**

જ. ના. આપેલ વર્ષ માં પ્રિલીમ પાસ કરી હોય તો સ્પીપાની આપેલ વર્ષની મેઈન્સ (મુખ્ય) પરીક્ષા બેચ માં પ્રવેશ મળે. જો આપેલ વર્ષ માં મુખ્ય પરીક્ષા પાસ કરી હોય તો સ્પીપાની આપેલ વર્ષ ની ઈન્ટરવ્યું બેચમાં એડમીશન મળે.

**સ. શું હું મુખ્ય પરીક્ષામાં નિબંધનું પેપર ગુજરાતીમાં અને ઓપ્શનલ (દાત. ઈજનેરી / મેડીકલ વગેરે) નું પેપર અંગ્રેજી માધ્યમમાં આપી શકું?**

જ. ના, યુપીએસસી ના નિયમોનુસાર, તમોએ જનરલ સ્ટડીઝ અને નિબંધનું પેપર જે માધ્યમમાં આપવાનું પસંદ કર્યું હોય, તે જ માધ્યમ માં ઓપ્શનલ નું પેપર આપવું પડે.

**સ. જો હું મુખ્ય પરીક્ષામાં જનરલ સ્ટડીઝ અને નિબંધ માટે અંગ્રેજી માધ્યમ પસંદ કરું તો શું મારે ગુજરાતી લિટરેચરનું પેપર પણ અંગ્રેજી માં લખવું પડશે?**

જ. ના, યુપીએસસી ના નિયમોનુસાર, સાહિત્ય (લીટરેચર) નું પેપર, જે તે ભાષાની લિપી માં જ લખવાના હોય છે. એટલે ભલે તમે અંગ્રેજીમાં જનરલ સ્ટડીઝ / નિબંધ લખવાના હો, તોય ગુજરાતી લીટરેચર તો ગુજરાતી લીપીમાં જ લખવું પડે.

**સ. શું હું યુપીએસસીની મુખ્ય પરીક્ષા અગ્રેજીમાં અને ઈન્ટરવ્યું ગુજરાતીમાં આપી શકું?**
જ. હા, એવી પરિસ્થિતિ માં યુપીએસસી દ્વારા તમોને ઈન્ટરવ્યું માટે દુભાષિયાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**સ. આપની સંસ્થામાં વ્યાખ્યાતાઓ ક્યાં માધ્યમમાં ભણાવે છે?**
જ. જે તે વિષયના ફેકલ્ટી પોતાની ઢબ મુજબ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં ભણાવતા હોય છે. સ્પીપામાં પ્રવેશ લેવા માંગતા ઉમેદવાર જોડે, આ ત્રણેય ભાષાઓનું જ્ઞાન અપેક્ષિત છે.

**સ. IPS અને અન્ય નોકરીઓ માટે ઉંચાઈ, છાતી, ચશ્માંના નમ્બર વગેરેના ધારાધોરણો શું છે?**
જ. કેન્દ્રસરકારના ઓફીશીયલ ગેઝેટમાં નિયમો આપેલા છે, જે આ લિંક પર મળી જશે: http://persmin.gov.in/ais1/Docs/Appendix-III.pdf

**સ. હું બેંક, સ્ટાફ સિલેકશન, ઇન્શ્યોરન્સ સેક્ટરની નોકરીઓ માટે પરીક્ષા આપવા માંગું છું તોશું ત્યાં સ્પીપા મને મદદ કરી શકે?**
જ. સ્પીપાનીઈડીપી શાખામાં CGRS વિભાગમાં માહિતી લેવી.

**સ. જીપીએસસી, ગૌણ સેવા પસંદગી, PSI, DySO ઈત્યાદી માટે ક્યાં પુસ્તકો વાંચવા?**
જ. ગુજરાત સરકારના નિયમોનુસાર અમો આ કલાસીસ, ગુજરાતના યુવાનોનું કેન્દ્ર સરકારની UPSC સિવિલ સેવા પરીક્ષામાં પ્રતિનિધિત્વ વધારવા હેતુ ચલાવીએ છીએ. અહિયાં કેવળ યુપીએસસીની માહિતી આપવામાં આવે છે.

- **યુનિયન પબ્લિક સર્વિસ કમીશન (UPSC) દ્વારા Civil Services Exam (CSE) પાસ કર્યા બાદની મળવાપાત્ર IAS, IPS, IFS, IRS એવી કુલ 24 કેન્દ્રીય ગ્રુપ-"એ", ગ્રુપ "બી" સર્વિસીસની વિગતો :-**

1. Indian Administrative Service (IAS)
2. Indian Police Service(IPS)
3. Indian Foreign Service(IFS)
4. Indian P & T Accounts & Finance Service
5. Indian Audit and Accounts Service
6. Indian Revenue Service (Customs and Central Excise)(IRS-C&CE)
7. Indian Defence Accounts Service
8. Indian Revenue Service (I.T.) (IRS-IT)
9. Indian Ordnance Factories Service (Assistant Works Manager, Administration)
10. Indian Postal Service
11. Indian Civil Accounts Service
12. Indian Railway Traffic Service (IRTS)
13. Indian Railway Accounts Service
14. Indian Railway Personnel Service
15. Post of Assistant Security Commissioner in Railway Protection Force
16. Indian Defence Estates Service
17. Indian Information Service (Junior Grade)
18. Indian Trade Service, Group 'A' (Gr. III)
19. Indian Corporate Law Service (ICLS)
20. Armed Forces Headquarters Civil Service (Section Officer's Grade)
21. Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Civil Service
22. Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Police Service
23. Pondicherry Civil Service
24. Pondicherry Police Service

*****Best Wishes*****

**Study Center**
**SPIPA, Ahmedabad**

***Updated on 13/07/2021***